જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૭/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૪૬૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૧ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨૨૦૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુનની કોશિશઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૭/૧૫**

**ઓઢવઃ** અમરજીત ઉદયભાણ પટેલ (ઉ.વ.૩૫) (રહે.ઈન્દીરા આઝાદનગર વિરાટનગર વેરા પાસે ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજરોજ તા.૨૦/૭/૧૫ સવારના ૬/૦૦ વાગ્યાના સુમારે અમરજીત પટેલ તેમજ પાડોશી ઘર નજીક ઉભા હતા ત્યારે એસન્ટ કારમાં આવેલ બે અજાણ્યા પુરૂષોએ અમરજીત પટેલના ભાઈ હરેન્દ્રની અદાવત રાખી તમંચા જેવા હથિયાર વડે મ્યુ.પંપીંગ સ્ટેશન નજીક હવામાં ફાયરીંગ કર્યુ હતુ. ત્યારબાદ એસન્ટ કાર ફરી અમરજીત પટેલના ભાઈ હરેન્દ્રની ઓફીસ બાજુ આવતા ગાડીના દરવાજામાંથી તમંચો દેખાતા અમરજીત પટેલ ખસી જતા રાઉન્ડ હરેન્દ્રની દુકાનના દરવાજામાં ઘુસી ગઈ હતી. આમ એસન્ટ કારમાં આવેલ બે અજાણ્યા પુરૂષોએ મારી નાખવાની કોશિશ કરી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ડી એચ દેસાઈ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૮/૧૫**

**ગોમતીપુરઃ** અસારવા વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષની યુવતીએ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૭/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે રાજસ્થાન મુળ વતન જવા સારૂ કાલુપુર રેલવે સ્ટેશન ખાતે વેઈટીંગ રૂમમાં બેઠી હતી ત્યારે બે અજાણ્યા છોકરાઓ યુવતી જોડે આવી કયા જવુ છે તેમ પુછતા યુવતીએ રાજસ્થાન જવાનુ કહેતા છોકરાઓએ ટ્રેઈન લેટ છે તેમ કહી કાવતરૂ રચી યુવતીને રેલવે સ્ટેશન બહાર લઈ જઈ આરોપી (૧) દેવા (૨) દત્તારામ (૩) સંજય અને (૪) દીપુ ( ચારેયના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી એકબીજાની મદદગારી કરી યુવતીને ગોમતીપુર સોમનાથ નાગરદાસની ચાલી ખાતે અવાવરૂ મકાનમાં લઈ જઈ ચાર પૈકી બે આરોપી (૧) દેવા અને (૨) દત્તારામ એ યુવતીની મરજી વિરૂધ્ધ બળજબરીથી શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ આર જનકાંત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૪૬૯/૧૫**

**સરખેજઃ** વિનોદભાઈ દુધાભાઈ મકવાણા (રહે.કલ્યાણગામ સોસાયટી શાહપુર દરવાજા બહાર લાલાકાકા હોલની બાજુમાં માધવપુરા) એ તા.૧૯/૭/૧૫ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વિનોદભાઈની પુત્રી પાર્વતીબહેને તેના પતિ વિનોદભાઈ ડાહ્યાભાઈ મકવાણા (રહે. આંબેડકરનગર મકરબા) ના શારીરીક તેમજ માનસીક ત્રાસ આપતા હોઈ પાર્વતીબહેને મનમાં લાગી આવતા તા.૧૭/૭/૧૫ નારોજ કેરોસીન છાંટી સળગી જઈ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી વી ભટ્ટ ચલાવે છે.

**ત્યજી દીધેલ તાજુ જન્મેલ બાળક મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૦/૧૫**

**જીઆઈડીસી વટવાઃ** તા.૧૯/૭/૧૫ બપોરના ૩/૪૦ વાગ્યાના સુમારે જીઆઈડીસી વટવા પોલીસને પુનિતનગર ફાટક નજીક મિત્ર મંડળ એપાર્ટમેન્ટ સામેથી તાજુ જન્મેલ જીવીત હાલતમાં બાળક (બાબો) મળી આવતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરી ત્યજનાર અજાણી વ્યક્તિ વિરૂધ્ધ જીઆઈડીસી પોલીસે ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ એમ ઠાકોર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૧/૧૫**

**દાણીલીમડાઃ** નસરીનબાનુ નાસીરખાન પઠાણ (ઉ.વ.૧૮)(રહે.સંતોષનગર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૭/૧૫ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૯/૭/૧૫ કલાક ૯/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે એલ પટણી ચલાવે છે.

**એલીસબ્રીજઃ** મધુરીબહેન રમણીકલાલ ગોચર (ઉ.વ.૬૧)(રહે.શ્યામલ એપાર્ટમેન્ટ ગુજરાત સોસાયટી રેડ ક્રોસ બ્લડ બેન્ક પાસે પાલડી) એ ડીપ્રેશનમાં આવી તા.૧૯/૭/૧૫ સવારના ૭/૦૦ થી ૯/૨૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી ડી વૈશ્યક ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)